દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ

ગુરુવાર ૮ ઓક્ટોબર, ૨૦૨૬

# રેપોરેટ વધારવાથી પરિસ્થિતિ નહીં સુધરે, RBIએ મોંઘવારીને કાબુમાં કરવી જરૂરી

વૈશ્વિક અનિશ્ચિતતાઓ, ભૂ-રાજકીય તણાવ અને ક્રૂડ ઓઇલના સતત વધી રહેલા ભાવોની સીધી અસર હવે ભારતીય અર્થતંત્ર અને સામાન્ય નાગરિકોના ખિસ્સા પર વર્તાવા લાગી છે. દેશમાં ફુગાવાને નિયંત્રણમાં લાવવા માટે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા લેવાયેલા એક કડક પગલા અંતર્ગત રેપો રેટમાં ૨૫ બેસિસ પોઇન્ટ (૦.૨૫%) નો વધારો કરવામાં આવ્યો છે. આ સાથે રેપો રેટ ૫.૨૫% થી વધીને ૫.૫૦% પર પહોંચી ગયો છે. નોંધનીય છે કે ફેબ્રુઆરી ૨૦૨૩ પછી આ પ્રથમ વખત છે જ્યારે કેન્દ્રીય બેંકે વ્યાજદરોમાં વધારો કર્યો હોય. અગાઉ, અર્થતંત્રને વેગ આપવા અને ફુગાવાને કાબૂમાં રાખવાના ભાગરૂપે વ્યાજદરોમાં ઘટાડો કરવામાં આવતો હતો, પરંતુ બદલાતા વૈશ્વિક સમીકરણોએ RBIને નીતિગત વલણ બદલવાની ફરજ પાડી છે.

આ નિર્ણયની સૌથી ગંભીર અને તાત્કાલિક અસર મધ્યમવર્ગીય પરિવાર અને લોન લેનારાઓ પર પડશે. બેંકો માટે રિઝર્વ બેંક પાસેથી નાણાં મેળવવું મોંઘું થતા, તેઓ આ આર્થિક બોજ સીધો ગ્રાહકો પર નાખશે. પરિણામે, હોમ લોન, કાર લોન અને પર્સનલ લોન પર વ્યાજ દરો વધી જશે અને માસિક હપ્તા વધુ ભારે બનશે. લાંબા સમયથી મોંઘવારી સામે ઝઝૂમી રહેલા સામાન્ય નાગરિકના માસિક બજેટ પર આ વધારાનો બોજ મોટો ફટકો સાબિત થશે. ઘરનું ઘર ખરીદવાનું કે વાહન વસાવવાનું સ્વપ્ન સેવતા લોકો માટે હવે નવી લોન લેવી પણ મોંઘી સાબિત થશે.

વૈશ્વિક સ્તરે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષો અને ઊર્જા સંકટને કારણે કાચા તેલના ભાવમાં તીવ્ર ઉછાળો આવ્યો છે. આ ઉપરાંત, ખાદ્ય ચીજવસ્તુઓના વધતા ભાવે વૈશ્વિક ફુગાવાને વેગ આપ્યો છે. RBI ગવર્નર સંજય મલ્હોત્રાએ આ નીતિગત સમીક્ષા રજૂ કરતા સ્પષ્ટ કર્યું હતું કે વૈશ્વિક અસ્થિરતા અને શેરબજારની અનિશ્ચિતતાઓ સામે દેશના નાણાકીય સ્થિરતા જાળવી રાખવી અત્યંત આવશ્યક છે. આ જ કારણોસર, નાણાકીય વર્ષ ૨૦૨૭ માટે ફુગાવાનો અંદાજ અગાઉના ૪.૩ ટકાથી વધારીને ૪.૪ ટકા કરવામાં આવ્યો છે. આ ફુગાવા પાછળ નબળા ચોમાસા અને રવિ સિઝન પર અલ નીનોની વિપરીત અસરને પણ જવાબદાર ગણવામાં આવી છે. બીજી




બાજુ, આ નાણાકીય પડકારો વચ્ચે અર્થતંત્રના વિકાસ દર અંગે થોડા રાહતજનક સમાચાર પણ સામે આવ્યા છે. રિઝર્વ બેંકે નાણાકીય વર્ષ ૨૦૨૭ માટે વાસ્તવિક GDP વૃદ્ધિનો અંદાજ અગાઉના ૬.૭ ટકાથી વધારીને ૭.૧ ટકા કર્યો છે. દેશના બીજા અને ત્રીજા ક્વાર્ટરમાં ઊંચા વિકાસ દરની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે, જે દર્શાવે છે કે આંતરિક બજાર અને આર્થિક ગતિવિધિઓ મજબૂત સ્થિતિમાં છે. જો કે, આ ઉચ્ચ વૃદ્ધિ દર જાળવી રાખવા માટે ફુગાવાને કાબૂમાં રાખવો અનિવાર્ય છે, અને આ જ સંતુલન સાધવા માટે કેન્દ્રીય બેંકે વ્યાજદર વધારવા જેવું પીડાદાયક પગલું ભર્યું છે.

સમગ્ર પરિસ્થિતિનું વિશ્લેષણ કરીએ તો સ્પષ્ટ થાય છે કે દેશ આર્થિક વિકાસના પંથે આગળ વધી રહ્યો છે, પરંતુ વૈશ્વિક પરિબળો તેને અસ્થિર બનાવી રહ્યા છે. એક તરફ જીડીપી ગ્રોથ વધારાના સારા સંકેતો છે, તો બીજી તરફ મોંઘવારી અને વધતો EMI સામાન્ય માનવીની કમર તોડી રહ્યા છે. આ તબક્કે સરકારે અને રિઝર્વ બેંકે માત્ર મોટા આર્થિક આંકડાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે સામાન્ય નાગરિકોના ખિસ્સા પર પડતા ભારને હળવો કરવા માટે પૂરક પગલાં પણ વિચારવા પડશે. આગામી સમયમાં જો વૈશ્વિક બજારોમાં ક્રૂડ ઓઇલના ભાવ સ્થિર થાય અને સ્થાનિક બજારમાં ખાદ્ય ચીજવસ્તુઓની આવક સુધરે, તો જ સામાન્ય જનતાને આ આર્થિક દબાણમાંથી મોટી રાહત મળી શકશે.

મોંઘવારીને કાબૂમાં કરવી હોય તો સરકારે ક્રુડ ઓઈલની સ્થિતિને કાબુમાં કરવી પડે તેમ છે. ક્રુડ ઓઈલમાં થયેલા વધારાને કારણે પેટ્રોલ-ડિઝલના ભાવમાં થતો વધારો દેશમાં પરોક્ષ રીતે પણ મોંઘવારી મોટાપાયે વધારે છે. દેશમાં અનેક ટેક્સ એવા છે કે જેને કારણે દેશમાં ઉત્પાદનનો ખર્ચ વધી જાય છે. જેને કારણે તમામ બોજ ગ્રાહકો પર આવે છે. ગ્રાહકો પર બોજો વધવાને કારણે મોંઘવારી વધે છે. દેશમાં ટેક્સનું પ્રમાણ જો ઘટાડવામાં આવે તો મોંઘવારીને કાબૂમાં કરી શકાય તેમ છે. એક સમયે જે વસ્તુ લકઝરી હતી તે આજે જરૂરીયાત બની ગઈ છે. સરકારે આવી વસ્તુઓનું લિસ્ટ બનાવીને તેના પરથી ટેક્સ દૂર કરવા જોઈએ.

# ભારતની અર્થવ્યવસ્થા ઝડપથી વધી રહી છે, તો શેરબજાર કેમ નથી વધી રહ્યું?

ભારતની અર્થવ્યવસ્થા ઝડપથી વધી રહી છે. એપ્રિલથી જૂન ૨૦૨૬ના ત્રિમાસિક ગાળામાં ભારતનો આર્થિક વિકાસદર લગભગ ૮ ટકા રહ્યો છે. સામાન્ય રીતે આવી મજબૂત આર્થિક વૃદ્ધિ રોકાણકારો માટે સારા સમાચાર હોવા જોઈએ. પરંતુ શેરબજારનું ચિત્ર અલગ છે. ભારતીય શેરોમાંથી રોકાણકારોને એવી ઊંચી આવક મળી રહી નથી, જે ૮ ટકાની આર્થિક વૃદ્ધિને જોતાં અપેક્ષિત લાગે. આ વિરોધાભાસ પાછળનું મૂળ કારણ એ છે કે અર્થવ્યવસ્થા અને શેરબજાર એક જ વસ્તુ માપતાં નથી. દેશનો GDP આજની આર્થિક પ્રવૃત્તિ કેટલી ઝડપથી વધી રહી છે તે બતાવે છે. બીજી તરફ શેરબજાર ભવિષ્ય તરફ જુએ છે. રોકાણકારો આજે શેર ખરીદે ત્યારે તેઓ કંપનીઓ આગામી વર્ષોમાં કેટલો નફો કમાશે તેની અપેક્ષાને આધારે કિંમત નક્કી કરે છે એટલે માત્ર GDPનો વિકાસદર સારો આવ્યો છે એટલા માટે શેરબજાર વધશે જ એવું નથી. જો મજબૂત આર્થિક વૃદ્ધિની અપેક્ષા પહેલેથી જ શેરના ભાવમાં સામેલ થઈ ગઈ હોય, તો અપેક્ષા કરતાં સારો GDPનો આંકડો પણ બજારને વધુ ઉપર લઈ જવા માટે પૂરતો ન બની શકે.

જો કે નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, હાલની બજારની નબળાઈને ભારતની વૃદ્ધિની કથા નબળી પડી ગઈ છે તે રીતે જોવી યોગ્ય નથી. અર્થતંત્રની વૃદ્ધિ, કંપનીઓની કમાણી અને શેરબજારનું વળતર,આ ત્રણેય અલગ-અલગ સમયગાળામાં આગળ વધી શકે છે.

અર્થવ્યવસ્થા વધે એટલે દરેક કંપનીને ફાયદો થાય એવું નથી. ભારતનો GDP અત્યંત વિશાળ આર્થિક પ્રવાહોને આવરી લે છે. તેમાં સરકારી ખર્ચ, નાના ઉદ્યોગો, અનૌપચારિક ક્ષેત્ર અને એવા અનેક વ્યવસાયોનો સમાવેશ થાય છે, જે મોટા શેરબજાર સૂચકાંકોમાં સીધા પ્રતિબિંબિત થતા નથી. પરંતુ શેરબજાર મુખ્યત્વે મર્યાદિત સંખ્યામાં મોટી અને સૂચિબદ્ધ કંપનીઓથી પ્રભાવિત થાય છે.

ઉદાહરણ તરીકે, ભારતીય અર્થવ્યવસ્થા મજબૂત રીતે વધી રહી હોય છતાં મોટી IT કંપનીઓની આવક અને નફો માત્ર ભારતની સ્થાનિક વૃદ્ધિ પર આધારિત નથી. આ કંપનીઓના મોટા ગ્રાહકો વિદેશમાં છે. વૈશ્વિક કંપનીઓ દ્વારા ખર્ચમાં સાવચેતી, ગ્રાહકોની બદલાતી જરૂરિયાતો અને AIના કારણે બદલાતી વ્યાવસાયિક પરિસ્થિતિઓ આ ક્ષેત્રની કમાણી પર અસર કરી શકે છે. એટલે ૮ ટકાના દરે વધતી ભારતીય અર્થવ્યવસ્થા એ ખાતરી આપતી નથી કે દરેક મોટી સૂચિબદ્ધ કંપનીનો નફો પણ ૮ ટકા કે તેનાથી વધુ વધશે.

પછી આવે છે શેરની ઊંચી કિંમતનો પ્રશ્ન. મજબૂત અર્થવ્યવસ્થા હોવા છતાં શેરબજારનું વળતર નિરાશાજનક કેમ હોઈ શકે? કારણ કે રોકાણકારોએ કદાચ વૃદ્ધિની અપેક્ષા પહેલેથી જ શેરના ભાવમાં સામેલ કરી દીધી હોય. જ્યારે શેરનું મૂલ્યાંકન એટલે કે વેલ્યુએશન ખૂબ ઊંચું થઈ જાય છે, ત્યારે કંપનીની વાસ્તવિક કમાણી વધીને શેરની કિંમતને યોગ્ય ઠેરવે એટલી થવી જોઈએ. જો કમાણી અપેક્ષા પ્રમાણે ઝડપથી ન વધે, તો શેરનો ભાવ સ્થિર રહી શકે છે અથવા ઘટી પણ શકે છે.

અહીં રોકાણકારો ઘણી વખત મૂંઝવણમાં પડે છે. તેઓ જુએ છે કે દેશની અર્થવ્યવસ્થા સારી રીતે ચાલી રહી છે, પરંતુ તેમનું રોકાણ કેમ નથી વધતું? જવાબ એ છે કે આર્થિક વૃદ્ધિ શેરબજારના વળતરનાં અનેક પરિબળોમાંથી માત્ર એક છે.રોકાણકારોએ ભારતનો વિકાસદર જોવાની સાથે એ પણ જોવું જોઈએ કે કંપનીઓની કમાણી તેઓ જે ઊંચી કિંમત ચૂકવી રહ્યા છે તેની સાથે ગતિ જાળવી શકે છે કે નહીં.

ભારત વૈશ્વિક અર્થતંત્રથી અલગ નથી. વિશ્વભરનાં રોકાણકારો સતત ભારતનાં શેરબજારની તુલના અમેરિકા, તાઈવાન અને અન્ય ઊભરતાં બજારો સાથે કરે છે.અમેરિકાના

## ઈકો-નોમિક્સ

**ડૉ.જયનારાયણ વ્યાસ**

**અમેરિકાના વ્યાજદર, વૈશ્વિક બોન્ડની આવક, ક્રુડ ઓઈલના ભાવ અને ચલણના દરો - આ બધું વિદેશી મૂડી ક્યાં જશે તે નક્કી કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે**

વ્યાજદર, વૈશ્વિક બોન્ડની આવક, ક્રુડ ઓઈલના ભાવ અને ચલણના દરો - આ બધું વિદેશી મૂડી ક્યાં જશે તે નક્કી કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.જ્યારે વૈશ્વિક બોન્ડની આવક વધે છે, ત્યારે ઊભરતાં બજારોના શેર વિદેશી રોકાણકારો માટે ઓછા આકર્ષક બની શકે છે. પરિણામે દેશની સ્થાનિક અર્થવ્યવસ્થા મજબૂત હોવા છતાં વિદેશી રોકાણકારો શેરબજારમાંથી નાણાં પાછાં ખેંચી શકે છે. છેલ્લાં બે વર્ષમાં વિદેશી રોકાણકારો ભારતીય બજારમાંથી લગભગ ૪૦ અબજ ડૉલર પાછા ખેંચી ચૂક્યા છે.

ક્રુડ ઓઈલ પણ ભારત માટે અત્યંત મહત્ત્વનું પરિબળ છે. ક્રુડના ઊંચા ભાવ મોંઘવારી વધારી શકે છે, રૂપિયાને દબાણમાં મૂકી શકે છે, કંપનીઓના નફાના માર્જિનને અસર કરી શકે છે અને અંતે વ્યાજદર પર પણ અસર કરી શકે છે.

ભારતીય શેરબજારની સાપેક્ષ નબળાઈનું એક વૈશ્વિક કારણ AI પણ છે. છેલ્લા કેટલાક સમયથી વૈશ્વિક મૂડીનો મોટો હિસ્સો ટેક્નોલોજી અને AI આધારિત કંપનીઓ તરફ વળ્યો છે. અમેરિકા અને તાઈવાન જેવાં બજારોમાં એવી ઘણી કંપનીઓ છે જે AI ના ઝડપી વિકાસથી સીધો લાભ મેળવી રહી છે. તેની સરખામણીમાં ભારતના મુખ્ય શેરબજારસૂચકાંકોમાં આવી કંપનીઓનું પ્રમાણ ઓછું છે.

આથી વૈશ્વિક રોકાણકારો કેટલીક વખત ભારત કરતાં એવાં બજારોને પસંદ કરી શકે છે જ્યાં AIના વિકાસથી કંપનીઓની કમાણી ઝડપથી વધવાની શક્યતા વધુ દેખાય છે. આનો અર્થ એવો નથી કે ભારતની આર્થિક વૃદ્ધિ નબળી પડી છે. પરંતુ મજબૂત અર્થવ્યવસ્થાને મજબૂત શેરબજારના વળતરમાં પરિવર્તિત કરવા માટે કંપનીઓની કમાણી, યોગ્ય વેલ્યુએશન અને બજારમાં પૂરતી પ્રવાહિતા ત્રણેય જરૂરી છે. અંતે વાત એટલી જ છે કે ભારતનો વિકાસદર મહત્ત્વનો છે, પરંતુ શેરબજાર માટે માત્ર GDP પૂરતો નથી. અર્થવ્યવસ્થા કેટલા ટકા વધી રહી છે તે એક સવાલ છે; પરંતુ તે વૃદ્ધિમાંથી ભારતીય કંપનીઓ કેટલો નફો કમાઈ રહી છે અને આગામી વર્ષોમાં કેટલો નફો કમાઈ શકશે આ શેરબજારનો સાચો સવાલ છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## બીજનો વિકાસ



નાનકડા કિયાનને સ્કૂલમાંથી ત્રણ કુંડા વાવીને ત્રણ અઠવાડિયાં પછી લઇ જવાનો પ્રોજેક્ટ કરવાનો હતો. તેનાં દાદી બાગકામનાં જાણકાર અને શોખીન હતાં. કિયાન દાદી પાસે ગયો અને દાદીને બધી વાત કરી કહ્યું, ''મને છોડ વાવવા બીજ આપો.'' દાદીએ કહ્યું, ''હું વાવી દઈશ.'' પણ કિયાન બોલ્યો, ''દાદી મને બીજ આપો. મારે જાતે વાવવા છે.'' દાદીએ ત્રણ છોડ વાવવા કુંડા ,બીજ, માટી આપી અને દાદી સાથે કિયાને જાતે ત્રણે કુંડામાં બીજ વાવ્યાં. બીજે દિવસે સવારે ઊઠીને તે દોડીને કુંડા પાસે શું ઊગ્યું? તે જોવા ગયો પણ કંઈ ઊગ્યું ન હતું.શાળામાંથી આવી ફરી ગયો પણ કંઈ ઊગ્યું ન હતું. તેને થયું, તેણે બરાબર બીજ વાવ્યાં છે કે નહિ એટલે તેણે માટી ખોદીને જોયું. બીજ અંદર બરાબર હતાં.ત્રણ ચાર દિવસ થયા હજી કંઈ ઊગ્યું ન હતું એટલે કિયાને ફરી માટી ખોદી જોયું કે બીજમાંથી કેમ કંઈ ઊગતું નથી.અંદર બીજ બરાબર હતાં જરા ફૂલ્યાં પણ હતાં....પાંચ ..છ ..સાત ...દિવસ વીત્યા. હજી કંઈ ના ઊગ્યું એટલે હવે કિયાનને લાગ્યું કે બધા બીજ

**ચાર્જિંગ પોઈન્ટ**

**હેતા ભૂષણ**

ખરાબ છે અથવા મરી ગયા છે. કિયાન દાદી પાસે ગયો અને બોલ્યો, ''દાદી, મારા ત્રણે કુંડામાં કંઈ નથી ઊગ્યું. લાગે છે કે બીજ ખરાબ હતાં. હું રોજ પાણી આપું છું પણ કંઈ ઊગતું નથી. મેં બે ત્રણ વાર માટી ખોદીને જોયું પણ બીજમાંથી કંઈ બહાર આવતું નથી.'' આ વાત સાંભળી દાદાએ કહ્યું, ''તને દેખાતું નથી એટલે કંઈ થઈ રહ્યું નથી એવું નથી.રાહ જો.'' થોડા દિવસ પછી માટીમાંથી નાનકડા લીલા અંકુર બહાર દેખાયાં.કિયાન ખુશ થઈ બધાને કહેવા લાગ્યો મારા છોડ ઊગ્યા. દાદાએ કહ્યું, ''બીજ જ્યારે જમીનની અંદર હતું ત્યારે તે બહારથી અંધકારમાં હતું, પરંતુ અંદરથી તે પોતાને બદલી રહ્યું હતું અને એટલે આજે ઊગીને માટી ખોદી બહાર આવ્યું સમજ્યો. ધીરજ રાખવાથી અને શાંતિથી મહેનત કરતા રહેવાથી આગળ વિકાસ થાય છે. આ વાત હંમેશા યાદ રાખજે.'' કિયાનને દાદાની વાત થોડી સમજાઈ પણ તે તો કુંડામાં ઊગેલા અંકુર જોઈ ખુશ હતો. આ વાત એક ઊંડી સમજ આપે છે કે જીવનમાં પણ એવો અંધકારમય સમય આવી શકે છે જ્યારે બહારથી કોઈ પ્રગતિ તરત દેખાય નહિ પણ કદાચ તમે બીજની જેમ અંદરથી તૈયાર થઈ રહ્યા હો તેથી જો આજે પરિણામ ન દેખાય તો પ્રયત્ન છોડશો નહીં.

# હાથી અને માણસનો સંઘર્ષ નહીં, સહઅસ્તિત્વ જરૂરી

કેરળના મુન્નારનું નામ લઈએ એટલે આંખ સામે ચાના બગીચા, ધુમ્મસમાં ઢંકાયેલા પહાડો, લીલાં જંગલો અને રસ્તા પર ક્યારેક અચાનક દેખાઈ જતા હાથીનાં દૃશ્યો આવી જાય. એક પ્રવાસી માટે રસ્તાની કોરે ઊભેલો હાથી અદ્ભુત દૃશ્ય હોઈ શકે, પણ એ જ હાથી કોઈ સ્થાનિક વ્યક્તિ માટે જીવનું જોખમ બની શકે છે. મુન્નારમાં હાથી અને માણસ વચ્ચેનો વધતો સંઘર્ષ એ વાતનો સંકેત છે કે માણસ અને વન્ય જીવન વચ્ચેનું સંતુલન કેટલું નાજુક છે. ઑગસ્ટના અંતમાં મુન્નારના થાલક્કુલમ વિસ્તારનો એક બનાવ છે. અહીંના ખેડૂત એસ. ઓચપ્પન પોતાની પુત્રીના એલચીના ખેતરમાં પાક જોવા ગયા ત્યારે જંગલી હાથીએ તેમના પર હુમલો કર્યો. હોસ્પિટલ લઈ જતી વખતે રસ્તામાં તેમનું મૃત્યુ થયું. એના થોડા મહિના પહેલાં ચિન્નાકનાલમાં 36 વર્ષની મારીનું હાથીના હુમલામાં મૃત્યુ થયું હતું અને તેમનો 11 વર્ષનો પુત્ર ઘાયલ થયો હતો. એ જ સમયગાળામાં એક હાથી મુન્નાર શહેરમાં ઘૂસી ગયો અને ચર્ચ સુધી પહોંચી ગયો હતો. આવી ઘટનાઓ હવે અપવાદ રહી નથી. વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયાના તાજેતરના અભ્યાસે આ સમસ્યાને વિશાળ ફલકમાં દર્શાવી છે. કેરળમાં 2008થી 2025 દરમિયાન હાથી-માનવ સંઘર્ષની 1,781 ઘટનાઓ નોંધાઈ, જેમાં 581 લોકોનાં મૃત્યુ અને 1,200 લોકો ઘાયલ થયાં. મુન્નારનો વિસ્તાર 103 માનવમૃત્યુ સાથે કેરળમાં સૌથી આગળ રહ્યો. બીજી તરફ, આ જ સમયગાળામાં કેરળમાં 695 જંગલી હાથી મૃત્યુ પામ્યા હતા અને તેમાંના 226નાં મૃત્યુનું કારણ માનવસર્જીત હતું. માત્ર વીજ કરંટથી 154 હાથીનાં મૃત્યુ થયાં હતાં.

એટલે સવાલ કેવળ એ નથી કે હાથી માણસ પર કેમ હુમલો કરે છે. મૂળ પ્રશ્ન એ છે કે માણસ અને હાથી માટેની જગ્યા સતત ઘટી રહી છે, ત્યારે બંનેને વારંવાર એકબીજાની નજીક આવવાની ફરજ કેમ પડી રહી છે?

મુન્નારનો આજનો વિસ્તાર એક જ દિવસમાં ઊભો થયો નથી. અહીં આદિવાસી સમુદાયો વસતા હતા. પછી અંગ્રેજો આવ્યા, ચાનાં વાવેતરો ઊભાં થયાં, રસ્તા અને વસાહતો વિકસ્યાં. ત્યાર પછી પ્રવાસન વધ્યું. હોટેલ, રિસોર્ટ, હોમસ્ટે, દુકાનો, પાર્કિંગ અને રસ્તાઓ વધતા ગયા. એક જ વિસ્તારમાં ચા ઉગાડવી, લોકોને વસાવવાં, પ્રવાસીઓને આવકારવા અને જંગલી પ્રાણીઓને જીવવા દેવા-આ બધી બાબતો એકબીજા સાથે ટકરાવા લાગી.

## ફીર દેખો યારોં

**બીરેન કોઠારી**

**કુદરતને માનવીય સરહદો સમજાતી નથી. એટલે આપણે હાથી સાથે સહઅસ્તિત્વ ઈચ્છતા હોઈએ તો પહેલાં આપણે આપણા વિકાસની સરહદો નક્કી કરવી પડશે**

હાથી માટે જંગલ, ચાનો બગીચો, ખાનગી જમીન કે સરકારી જમીન એવી અલગ-અલગ સરહદો હોતી નથી. પાણી, ખોરાક અને ઋતુ પ્રમાણેના રહેઠાણ સુધી પહોંચવા માટે તેના માટે જે માર્ગ છે, તેના પર આપણે રસ્તો બનાવી દીધો હોય કે વસાહત ઊભી કરી હોય, હાથીને તેની ખબર નથી. આથી હાથીને 'ઘૂસણખોર' માનીએ તો તેના માર્ગમાં ઊભી કરાયેલી દરેક માનવીય વસાહતને ગેરકાયદેસર ગણવી પડે. મુન્નારનાં ઘણાં લોકોની જમીન સાથે કાયદેસર માલિકી, ઐતિહાસિક હક અને રોજગાર જોડાયેલાં છે. સંરક્ષણના નામે તેમને હાંકી કાઢવા એ તેનો ઉકેલ નથી. પરંતુ એ સાથે નવી વસાહતો, રસ્તાઓ અને બાંધકામો વન્ય પશુઓના માર્ગને વધુ ને વધુ સંકુચિત કરતા જાય, એ પણ સ્વીકારી શકાય નહીં.

મુન્નારની સમસ્યા પ્રવાસનની પણ છે. પ્રવાસન પર હજારો લોકોની આજીવિકા છે. એટલે પ્રવાસન બંધ કરી દેવું એ પણ કોઈ ઉકેલ નથી. સવાલ એ છે કે પહાડોની કુદરતી ક્ષમતા કરતાં તેના પર વધુ બાંધકામ અને વાહનવ્યવહાર તો નથી થઈ રહ્યાં ને? હાથીને એક જગ્યાએથી બીજી જગ્યાએ ખસેડી દેવાથી સંઘર્ષનું મૂળ કારણ દૂર થતું નથી. જો ખોરાક, પાણી અને હાથીના પરંપરાગત માર્ગોની સમસ્યા યથાવત્ હોય તો સ્થળાંતર માત્ર તાત્કાલિક ઉપાય બની રહે છે. અલબત્ત, વહેલી ચેતવણી આપતી વ્યવસ્થા બહુ જરૂરી છે. હાથીની હાજરીની જાણ સ્થાનિક લોકોને સમયસર થાય, મોબાઈલ સંદેશ સાથે સાઈરન, પેટ્રોલિંગ, સ્થાનિક સ્વયંસેવકો અને ઝડપી પ્રતિસાદ ટીમો કામ કરે-તો અનેક જીવ બચાવી શકાય. પરંતુ એમ કરવા માટે વૉટ્સઍપ દ્વારા મળતો સંદેશ પૂરતો નથી. ખેતરમાં કામ કરતો માણસ કદાચ મોબાઈલ ફોન જોતો ન હોય, વૃદ્ધ ખેડૂત સ્માર્ટફોન વાપરતો ન હોય અને બહારથી આવેલો પ્રવાસી સ્થાનિક ચેતવણીથી અજાણ હોય એમ પણ બની શકે. એટલે ઉપાય એ છે કે હાથીના પરંપરાગત માર્ગોને સુરક્ષિત રાખવા. રસ્તાઓની રચના એવી કરવી કે વન્ય જીવો માટે માર્ગ રહે. વીજ વાડ માણસને સુરક્ષિત કરે પણ હાથી માટે મૃત્યુનું કારણ ન બને તેની ખાતરી કરવી પડશે. અતિ જોખમી વસાહતો માટે પુનર્વસન જરૂરી બને તો તે પૂરતા વળતર અને રોજગારની ખાતરી સાથે કરવું. સૌથી મહત્ત્વની વાત એ છે કે હાથીને સમસ્યા માનવાનું બંધ કરીને સમગ્ર પરિસરના સંકટને સમજવાનો પ્રયત્ન કરવો. મુન્નારની સમસ્યા માત્ર હાથીની નથી; તે જંગલ, ખેતી, પ્રવાસન, રસ્તા, બાંધકામ અને માનવ વસાહતો વચ્ચેનું સંતુલન ખોરવાઈ જવાની સમસ્યા છે. હાથીને પકડીને ખસેડી દેવાનો ઉપાય સહેલો લાગે. હુમલા પછી થોડા દિવસો માટે લોકોમાં રાહત પણ થાય. પરંતુ ફરી કોઈ હાથી એ જ વિસ્તારમાં આવી જાય તો સમસ્યા પાછી ઊભી થાય. એટલે માણસ અને હાથી બંને ક્યાં અને કેવી રીતે રહી શકે એ વિચારવાનો સમય આવી ગયો છે.

એટલું યાદ રાખવું જરૂરી છે કે જંગલને આપણે નકશામાં રેખાઓ દોરીને ટુકડાઓમાં વહેંચી શકીએ, પરંતુ હાથી એ રેખાઓને માનતો નથી. કુદરતને માનવીય સરહદો સમજાતી નથી. એટલે આપણે હાથી સાથે સહઅસ્તિત્વ ઈચ્છતા હોઈએ તો પહેલાં આપણે આપણા વિકાસની સરહદો નક્કી કરવી પડશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## વિવિધ પૂજા પદ્ધતિ

શક્તિની ઉપાસનાનો પર્વ નવરાત્રી નજીક છે ત્યારે વિચાર આવે કે મનુષ્ય જાણે-અજાણે પરમાત્મા કે તેના એક સ્વરૂપ પ્રકૃતિનું ઋણ ચૂકવવા અને આભાર માનવા વિવિધ ઉપાસના પદ્ધતિઓ અપનાવતો આવ્યો છે. ક્યારેક સ્તોત્રો રચાય છે, તો ક્યારેક દેવી-દેવતાઓની માનવ, પશુ કે પથ્થરની આકૃતિ બનાવી પૂજા થાય છે. અચરજની વાત એ છે કે પર્વતો અને નદીઓ પણ આપણી શ્રદ્ધાના કેન્દ્ર છે. કૈલાસ, ગોવર્ધનથી લઈને તાપી માતા, નર્મદા મૈયા, ગંગા-યમુના અને નર્મદા અષ્ટક સુધી આ ભાવ જોવા મળે છે. આ વિવિધ સ્વરૂપોને એક કાવ્યપંક્તિમાં સુંદર રીતે સમાવી લેવાયા છે : "માનવ પશુ તરૂ ગીરી સરિતા મેં એક બ્રહ્મકો પહચાના હૈ." વિવિધતામાં એકતા એ જ ભારતીય સંસ્કૃતિની વિશેષતા છે. આપણે દેશથી આગળ વધીને વિશ્વભરની વિવિધ પૂજા પદ્ધતિઓ વિશે પણ ક્યારેય જાણવાની જિજ્ઞાસા રાખીએ છીએ? યોગાનુયોગ, અગિયારસના પવિત્ર દિવસે જાણવા મળ્યું કે સુરતમાં આવું જ એક આયોજન થઈ રહ્યું છે. આ ચર્ચાપત્ર લખતી વેળાએ રાષ્ટ્રપિતા પૂ. ગાંધીજીનો જન્મદિવસ, રેંટિયા બારસ પણ છે. નરસિંહ મહેતાના "વૈષ્ણવજન તો તેને રે કહીએ" ભજન દ્વારા તેમણે પરમાત્માની સ્તુતિને સરળ જીવનમૂલ્યો સાથે જોડી. તેમના જન્મદિને સૌને હાર્દિક અભિનંદન.

**સૂરત - ચેતન સુશીલ**

## અટક એ પુરુષની ઓળખ નથી

તાજેતરમાં અખબારમાં પ્રકાશિત થતા સમાચાર મુજબ સ્મિત મચ્છર કે જેઓ એ 174 લોકો ને નવું જીવન બક્ષ્યું. કો પાયલોટ એ સ્મિત મચ્છર નો જાન લેવાનો પ્રયાસ કર્યો પરંતુ સદનસીબે બચી ગયા એ તેમના કુટુંબી જનો, ગુજરાતી અને ભારતીય ઓ એ ગર્વ લેવા જેવી બાબત છે. દેશ અને વિદેશ માં ખુબ પ્રશંસા થઈ અનેક ઈનામો ની જાહેરાત કરવામાં આવી. તાજેતરમાં અખબારમાં તેમજ સોશ્યલ મીડિયામાં એક ચર્ચા જગાવી છે કે સ્મિત મચ્છર ની અટક મચ્છર છે તે કઈ જાતિ માં આવે. તેમના સાહસ ને જેટલુ બિરદાવી એ તેટલું ઓછું છે. આપણે માણસ ને માણસ તરીકે જોવાનું ક્યારે શરૂ કરીશું. આપણે ત્યાં કોઈ વ્યક્તિ કોઈ ક્ષેત્રમાં સિદ્ધિ પ્રાપ્ત કરે એટલે તેના સમાજ, જાતિ વિશે તરત જ સંશોધન કરવા લાગે પણ એવુ નથી વિચારતા કે સિદ્ધિ પ્રાપ્ત કરવા કેટલી મહેનત કરવી પડી હશે. ભારત દેશ જ્યારે વિશ્વ ગુરુ બનવા તરફ જઈ રહ્યો છે ત્યારે આવી શુલ્ક બાબતો વિશે વિચારો વહેતા મૂકવા ને બદલે દેશ માંથી જાતિ પ્રથા નાબુદ કરવા શું કરવું જોઈએ, અટક કે જાતિ કરતા જે તે વ્યક્તિ દ્વારા પ્રાપ્ત કરેલ સિદ્ધિ મહાન છે એવો વિચાર વેહતો કરવાની જરૂર છે.

**સુરત - ચન્દ્રકાન્ત રાણા**

## Form-6 વિવાદ: કાયદો કે કમ્પ્યુટર સિસ્ટમ?

મતદાર તરીકે મારું પ્રથમ સ્મરણ 1993-94નું છે. 18 વર્ષની ઉંમરે મતદાર ઓળખપત્ર મેળવવાનો ઉત્સાહ હતો. સમય જતાં સમજાયું કે મતદાર યાદી માત્ર વહીવટી દસ્તાવેજ નથી, પરંતુ નાગરિકની લોકશાહી ઓળખ અને મતાધિકાર સાથે સીધી જોડાયેલી છે. આજે Form-6ને લઈને ઊભો થયેલો વિવાદ પણ માત્ર એક Formનો પ્રશ્ન નથી. તે ચૂંટણી પંચની સત્તા, કાયદાની સર્વોચ્ચતા અને computerised electoral systemની જવાબદારીનો પ્રશ્ન છે. મારા અનુભવમાં 2023માં Voter IDમાં નામ કાયદેસર રીતે સુધાર્યા છતાં 2025ની SIR પ્રક્રિયામાં જૂનું નામ ફરી જોવા મળ્યું. બીજી તરફ, મારી દીકરીનું Form-6 દ્વારા નામ નોંધાવ્યા બાદ સમાન નામ ધરાવતા બીજા apartmentનું mapping થતાં polling station બદલાઈ ગયું. આ ઘટનાઓ કોઈ મોટા આરોપનો પુરાવો નથી, પરંતુ સવાલ જરૂર ઊભો કરે છે કે નાગરિક સાચી માહિતી આપે અને computerised systemમાં ભૂલ થાય તો જવાબદારી કોની? Supreme Courtની 5 ઑક્ટોબરની સુનાવણીમાં CJI Surya Kantએ કહ્યું હતું કે "Any modified Form 6 has not been approved by us." તેથી હવે મૂળ પ્રશ્ન છે કે Form-6માં ફેરફાર કોણે અને કયા કાયદા હેઠળ કર્યો? Computer system કાયદાથી ઉપર ન હોઈ શકે. Software માત્ર સાધન છે, સત્તાનો સ્ત્રોત નહીં. CECની પ્રથમ નિષ્ઠા વ્યક્તિ કે સરકાર પ્રત્યે નહીં, બંધારણ, કાયદા અને મતદાર પ્રત્યે હોવી જોઈએ.

**સુરત - નિલેશ ચૌહાણ**

## જિંદગીનું કડવું સત્ય!

ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક ખોલો એટલે ફેમસ ગીતો અને ડાયલોગ પર રીલ્સની ભરમાર જોવા મળે છે. 'એક સમોસા, બે કચોરી... મર્દ તેરા ક્યા ભરોસા!' જેવી પંક્તિઓ મનોરંજન માટે કદાચ હસાવી શકે, પરંતુ જ્યારે તેને સાચું માનીને પુરુષની નિષ્ઠા સામે સવાલ ઊભો કરવામાં આવે ત્યારે વિચારવાની જરૂર છે. રીલ્સમાં જેને અનભરોસાપાત્ર બતાવવામાં આવે છે, એ જ પુરુષ વાસ્તવિક જીવનમાં કોઈનો પિતા, પતિ, ભાઈ કે પુત્ર બનીને પરિવારનો સૌથી મોટો ભરોસો હોય છે. સવારે ઘરેથી નીકળીને મોડી રાત સુધી પરિવાર માટે મહેનત કરતો પુરુષ પોતાની ચિંતા, તણાવ અને આર્થિક મુશ્કેલીઓ ઘણી વખત મનમાં જ દબાવી રાખે છે. દીકરા-દીકરીની ફી, ઘરનું રાશન અને પરિવારની જરૂરિયાતો પૂરી કરવા તે પોતાની અનેક ઈચ્છાઓ પણ પાછળ મૂકી દે છે. મનોરંજન પોતાની જગ્યાએ છે, પરંતુ રીલ્સને રિયલ લાઈફનું સત્ય માનવું યોગ્ય નથી. પરિવાર માટે સતત સંઘર્ષ કરતો પુરુષ નાસ્તાની કોઈ વસ્તુ જેટલો ક્ષણિક કે સસ્તો નથી; તે પરિવારના સુખ-સલામતી માટે અડીખમ ઊભેલી છત સમાન છે. આવા ભરોસાની કદર થવી જોઈએ.!

**ભરૂચ - રાજ હેતલસિંહ**

## રસ્તાનો માલ સસ્તામાં !

ગુજરાતીમાં કહેવાય છે કે 'ગરજવાનને અક્કલ નથી હોતી.' આજે સરકારી તંત્રની કામગીરી સામે પ્રજામાં પણ આવો જ સવાલ ઊભો થઈ રહ્યો છે. દુકાનદારો લાખો-કરોડોની આવક સામે કાયદેસર કર ચૂકવે છે, જ્યારે ફૂટપાથ અને જાહેર માર્ગો પર દબાણ કરીને અનેક લોકો વગર બિલે ધંધો કરતા હોવાના આક્ષેપો વારંવાર થાય છે. આવા દબાણોથી ટ્રાફિક જામ અને અકસ્માત સમયે રાહદારીઓ તથા વાહનચાલકોને ભારે મુશ્કેલી પડે છે. વિડંબના એ છે કે જાગૃત નાગરિકો અધિકારીઓને ફોન કે વીડિયો દ્વારા ફરિયાદ કરે તો ઘણી વખત લેખિત રજૂઆત કરવાની સલાહ અપાય છે. ભૂતકાળમાં ફરિયાદીનું નામ-સરનામું જાહેર થઈ જતાં ફરિયાદ કરનારાઓને પરેશાની કે હુમલાનો સામનો કરવો પડ્યો હોવાના બનાવોની પણ ચર્ચા થઈ છે. આવી સ્થિતિમાં સામાન્ય નાગરિક ફરિયાદ કરતા પણ ખચકાય તે સ્વાભાવિક છે. સરકારી નીતિઓની આ બેધારી તલવારથી પ્રજા ત્રસ્ત છે. તહેવારો દરમિયાન જાહેર માર્ગો પર થતા ગેરકાયદેસર વેપાર અને દબાણો સામે પણ સવાલો ઊઠે છે. કરોડો રૂપિયાના રોકડ વ્યવહારો અને વગર બિલના ધંધાની ચર્ચા વચ્ચે શું સંબંધિત વિભાગોની નજર ખરેખર આ પ્રવૃત્તિઓ સુધી પહોંચે છે? કે પછી મતબેંક સામે તંત્ર હંમેશા મૌન જ રહેશે?

**સુરત - પંકજ મહેતા**

## ચીન દેશ ક્યારેય યુદ્ધ કેમ નથી કરતું ?

ચીને ૧૯૭૯ના વિયેતનામ યુદ્ધ પછી કોઈ મોટું સીધું સૈન્ય યુદ્ધ લડ્યું નથી, કારણ કે તેની વિદેશ અને સંરક્ષણ નીતિ સૈન્ય સંઘર્ષ કરતાં આર્થિક પ્રભાવ પર વધુ આધારિત છે. સૌપ્રથમ, ચીનનો મુખ્ય ઉદ્દેશ વૈશ્વિક આર્થિક મહાસત્તા બનવાનો રહ્યો છે. ખુલ્લા યુદ્ધથી તેના વિશાળ વિદેશી વેપાર, વૈશ્વિક સપ્લાય ચેઈન અને અર્થતંત્રને મોટો ફટકો પડી શકે છે. બીજું, ચીન લશ્કરી હુમલાને બદલે 'સોફ્ટ પાવર' અને 'આર્થિક મુત્સદ્દીગીરી' અપનાવે છે. તે 'બેલ્ટ એન્ડ રોડ ઈનિશિયેટિવ' (BRI) અને લોન દ્વારા વિકાસશીલ દેશો પર પોતાનો રાજકીય અને વ્યૂહાત્મક પ્રભાવ જમાવે છે. ત્રીજું, ચીન આધુનિક યુગમાં સીધા સૈન્ય આક્રમણના બદલે 'ગ્રે-ઝોન' રણનીતિ અને સાયબર વોરફેરનો ઉપયોગ કરે છે. તે દક્ષિણ ચીન સાગર કે સરહદી વિસ્તારોમાં સીધું યુદ્ધ છેડ્યા વગર દબાણ બનાવી રાખે છે. ચીન માને છે કે યુદ્ધમાં સંસાધનો વેડફવા કરતાં આર્થિક અને તકનીકી તાકાત વધારીને વિશ્વ પર વર્ચસ્વ સ્થાપવું વધુ સુરક્ષિત અને ફાયદાકારક છે.

**સુરત -જયસુખ ઘાટલિયા**